# મહાનિબંધનો

# સારાંશ

Synopsis



## મહાનિબંધનો સારાંશ

(SYNOPSIS)

### પ્રકરણ ૧ : પશ્ચાદ્ ભૂમિકા

સત્તાવન પહેલાં અને પછી – ભારતના ઈતિહાસમાં અવનવાં પરિબળોને જન્માવનાર ઇ.સ. ૧૮૫૦ થી ૧૮૬૦નો મહત્ત્વનો દશકો – ભારત પર થયેલાં વિદેશીઓનાં રાજકીય – સાંસ્કૃતિક આક્રમણો – અંતે બ્રિટિશશાસનની ધૂસરી – ૧૮૫૭ના ઉત્થાનમાં આઝાદી–પ્રાપ્તિની ચળવળનાં બી – બ્રિટિશસત્તાનું દમન –

સ્વાર્થબુધ્ધિ છતાં બ્રિટિશરોએ કેળવણી પ્રસાર દ્વારા કરેલી અદ્ભુત સેવા – પ્રજામાનસમાં નવજાગૃતિ – Educational Dispatch – વિદ્યાપીઠોની સ્થાપના – સાથે સાથે પાદરીઓની મિશનરી તથા ધર્માન્તરની વટાળપ્રવૃત્તિ – આ સંઘર્ષને પરિણામે શાસક મિશનરી વર્ગની સાથે કે સામે (અ) સનાતન સંરક્ષક (બ) સુધારક અને (ક) તેના સમુચિત સમન્વયનો ચાહક વર્ગ – તરફથી ઉદ્ભવેલી વિવિધ પ્રવૃત્તિઓ –

સમાજસંસ્થાઓ, સુધારો અને ધર્મશોધન – અદ્વૈતની પ્રમુખ ધારાઓ પૈકી શુધ્ધાદ્વૈતનો ગુજરાતમાં સવિશેષ પ્રભાવ – સ્વામીનારાયણ સંપ્રદાય, બ્રહ્મસમાજ અને પ્રાર્થનાસમાજની સ્થાપના તથા તેમનાં સિધ્ધાંતો અને પ્રવૃત્તિઓનો સંક્ષિપ્ત પરિચય –

"પ્રાર્થનાસમાજ"ના પ્રમુખપદે શ્રીમન્નૃસિંહાચાર્યજી – નોકરી નિમિત્તે સુરત વસતા શ્રીનરસિંહરામ યાજ્ઞિક – ત્યાં પણ પ્રચ્છન્ન ન રહેતું તેમનું વિલક્ષણ કોટિનું જ્ઞાનૈશ્વર્ય – મુંબઈ–અમદાવાદની માફક સુરતમાં પણ "પ્રાર્થનાસમાજ" ઊભો કરવાનો નરસિંહરામના મિત્રોનો પ્રસ્તાવ – મુંબઈ–અમદાવાદથી સ્વતંત્ર રીતે સ્થપાયેલી સંસ્થા – મિત્રોના પ્રેમાગ્રહને વશ થઇ નરસિંહરામે "પ્રાર્થનાસમાજ"ના

પ્રમુખપદ અથવા આચાર્યપદનો કરેલો સ્વીકાર – નરસિંહરામ નૃસિંહાચાર્ય – મોતીશંકર લાલશંકર, પ્રભુરામ તુળજારામ ભટ્ટના પત્રોમાંથી તે અંગે મળતી આધારભૂત માહિતી – ડૉ. ધીરુભાઈ ઠાકરે કરેલી "પ્રાર્થનાસમાજ"ની આલોચનાનો સસંદર્ભ ઉલ્લેખ – દુર્ગારામ, મહીપતરામ, કરસનદાસ મૂળજી, કવિનર્મદ વગેરેની સુધારણાપ્રવૃત્તિ – વેદધર્માનુરાગી છતાં સર્વધર્મસમભાવદૃષ્ટિથી સેવાકાર્ય કરતી રામકૃષ્ણમિશન સંસ્થાની પ્રવૃત્તિઓ – વૈદિક ધર્મના પુનરુધ્ધાર – વિસ્તારની સાથે સમાજસુધારણાનું કાર્ય કરતા આર્યસમાજનો પરિચય –

થિયોસૉફિકલ સૌસાયટી અને શ્રીમન્નૃસિંહાચાર્યજી – ઇ.સ. ૧૮૭૫માં મૅડમ બ્લૅવેટ્સ્કી અને કર્નલ ઑલ્કોટે સ્થાપેલી "થિયોસોફિકલ સોસાયટી" – આંતરરાષ્ટ્રીય કેન્દ્ર (મદ્રાસ પાસે સમુદ્રતટે આવેલ) અડ્યાર બનવામાં ભારતના ભૂતકાલીન સનાતન સંસ્કારવારસાની મહત્તા – થિયોસૉફિકલ સોસાયટીના બીજા પ્રમુખ ડૉ. ઍની બેસન્ટની સંસ્થા સેવા ઉપરાંત વિવિધ પ્રવૃત્તિઓ – હોમરુલલીગની પ્રવૃત્તિ – મહાત્મા ગાંધીજી અને ડૉ. રાધાકૃષ્ણને આપેલી અંજલીઓ – ડૉ. બેસન્ટનાં તત્ત્વજ્ઞાનનાં પુસ્તકો – થિયોસૉફિકલ સોસાયટીના પ્રમુખ સિધ્ધાંતોની ચર્ચા – શ્રેયસ્સાધક અધિકારી વર્ગના આદ્યસંસ્થાપક શ્રીમન્નૃસિંહાચાર્યથી પ્રભાવિત થયેલા કર્નલ ઑલ્કોટ અને મૅડમ બ્લૅવેટ્સ્કી –

## પ્રકરણ ૨ : શ્રીમન્નૃસિંહાચાર્યજી અને શ્રીશ્રેયસ્સાધક અધિકારી વર્ગ

શ્રીમન્નૃસિંહાચાર્યજીના કુટુંબમાં સાત પેઢીથી ચાલતો આવેલો વેદયજ્ઞ–ધર્મ વિધાકવિતાકલાનો સંસ્કારવારસો – વંશવેલી – જ્ઞાનભક્તિસંપન્ન કુટુંબના વાતાવરણનો તથા પિતા દેવેશ્વરે ઉતારેલી અને ગાયેલી સાહિત્યકૃતિઓનો બાલનરસિંહના માનસ પર પડેલો

પ્રભાવ – વિલક્ષણ ગ્રહણશક્તિસ્મૃતિધૃતિ – કઠોદથી સુરત – શાળામાં અનિયમિત હાજરી છતાં પરીક્ષામાં સફળતા – અભ્યાસકાળ દરમ્યાન પ્રકૃતિની ગોદમાં પરિભ્રમણ, એકાન્તસેવન, સત્સમાગમ અને બ્રહ્મચિંતન – મિશનરી પાદરીઓ સાથે ધર્મ સંબંધી વાદવિવાદ અને તેમના પર પડેલો શ્રીનૃસિંહશર્માનો અપ્રતિમ પ્રતિભાપ્રભાવ – વડા પાદરીએ આપેલું પ્રલોભન અને તેનો પ્રત્યુત્તર – તે વિશે ઈચ્છારામ દેસાઈનો અભિપ્રાય –

સુરતમાં ગંગાદત્ત શુક્લ પાસે વેદો અને ભૂમાનંદ સ્વામી પાસે ઉપનિષદો તથા યોગસૂત્રના અધ્યયનની "ચેષ્ટા" – મધુસૂદનસ્વામી સાથે "હનમદ્દુર્ગ"ના મંત્રપ્રયોગનો વિલક્ષણ પ્રસંગ – સરસ્વતીસત્ર અને નૃસિંહમંત્રનાં નિષ્કામભાવે અનુષ્ઠાન –

મોહનસ્વરૂપજી જોડેના મૈત્રી અને આદરભાવભર્યા વ્યવહારથી ગુરુશિષ્યસંબંધ હોવાની જનતામાં જાગેલી શંકા – ગુરુ જેવો વ્યવહાર ખરો પણ ગુરુ નહીં – "શ્રીનૃસિંહવાણીવિલાસ"નાં પદોમાં "મોહન", "મોહનસ્વરૂપ" શબ્દપ્રયોગનો ખુલાસો –

અંકલેશ્વર અને પછી સુરતમાં નોકરી – પ્રસંગોપાત્ત જ્ઞાનચર્ચા – "પ્રાર્થનાસમાજ"ના આચાર્ય – તેજસ્વી વાક્છટાનો પ્રભાવ – ધર્મસંસ્કારયુક્ત શિક્ષણ વિના સુધારાની નિષ્ફળતા – તેથી નર્મદ વગેરેના સહકારથી "ધાર્મિક વિદ્યાશાલા"નો મંગલ પ્રારંભ (૧૦-૯-૧૮૭૪) વાદવિવાદકૌશલના બે પ્રસંગો – પરમહંસ ચુંનીબાવાની યોગીઓની સભામાં નૃસિંહશર્મા પ્રમુખપદે –

બોકલર સાહેબના સાગ્રહ આમંત્રણથી વડોદરામાં સ્વીકારેલી નોકરી – નિઝામપુરામાં નરસિંહટેકરી પર કથાકીર્તનપ્રવચન— પ્રવૃત્તિથી મુગ્ધ બનેલો માનવસમુદાય – જનકલ્યાણપ્રવૃત્તિના વિસ્તાર અર્થે શ્રીનૃસિંહાચાર્યે તથા પ્રથમ સાધક ત્રિકમલાલભાઈએ નોકરીમાંથી આપેલાં રાજીનામાં –

નિઝામપુરાથી વડોદરા શહેરમાં આરંભમાં કડિયા ખડકીમાં અને પછી "શ્રીનૃસિંહાશ્રમ"માં તેઓશ્રીએ કરેલો નિવાસ – વડોદરાના વિદ્વાનો, સજ્જનો, શાસ્ત્રીઓ, શ્રીમંતો, મહારાજા વગેરેનું આ યુવાન સંત પ્રતિ આકર્ષણ –

શ્રી છોટાલાલ માસ્તર સાહેબ : વિશ્વવંદ્ય : – ઈ.સ. ૧૮૬૨માં અમદાવાદ પાસે બાલુઆ ગામમાં જૈનકુટુંબમાં શ્રી છોટાલાલ જીવનલાલનો જન્મ – ૧૫ વર્ષની નાની વયે "બાળાનંદ સમાજ", "ગુર્જરોધ્ધારક સમાજ"ની સ્થાપના – સભાઓમાં પ્રવચનમાં રચેલા કેટલાક ઉદ્બોધક દોહરાનો આસ્વાદ – "પ્રાર્થનાસમાજ"માં પણ તેમનો પ્રવેશ – "ગુર્જરો-ધ્ધારકસમાજ"માં દાખલ કરેલું પ્રાર્થનાનું તત્ત્વ – સરદાર સ્કૂલમાં શિક્ષકની નોકરી મળતાં તેમનો વડોદરા નિવાસ – વિલક્ષણ મનોમંથનની પળો – મિત્રોની નિઝામપુરા અને શ્રીનૃસિંહાચાર્યના સમાગમની વાતો સાંભળી ઉદ્ભવેલું કુતૂહલ – કેમ્પના રસ્તે વિદ્યુલ્લેખાની જેમ પસાર થયેલી કોઈ વિલક્ષણ મૂર્તિનાં દર્શન – મિત્રોના આગ્રહને વશ થઇ શ્રીનૃસિંહાચાર્યજીનાં દર્શન–સત્સંગ માટે તૈયાર થયેલા માસ્તર સાહેબ – પેલી વિલક્ષણ મૂર્તિનાં સાક્ષાત્દર્શને આનંદોલ્લાસ – પ્રથમ દર્શને ભવ્ય ચમત્કાર – આ ત્મવૃત્તાંતને વર્ણવતી "યોગિનીકુમારી" નવલકથામાંથી કેટલાંક અવતરણો – "ઉદ્ગાર" કાવ્યમાં તે દિવ્યાનુભવનું આલેખન – શાળાસમયને બાદ કરતાં બાકીનો બધો જ સમય શ્રીનૃસિંહાચાર્યજીના સાંનિધ્યમાં – ગુરુશિષ્યનો અદ્વૈતયોગ – શ્રી મણિલાલ નભુભાઈ દ્વિવેદીનો તેમની કૃતિ "પ્રાણવિનિમય"માં મેસ્મેરીઝમ, હિપ્નોટિઝમ અને માસ્તરસાહેબનો ઉલ્લેખ – માસ્તરસાહેબના જીવનપરિવર્તનથી પ્રેરાઈને ગુજરાતભરમાંથી અસંખ્ય ભાવિક જિજ્ઞાસુઓનો આશ્રમ પ્રતિ વહેતો પ્રવાહ – ઇ.સ. ૧૮૮૧માં લીંબડી નરેશના આગ્રહને માન આપી શ્રીનૃસિંહાચાર્યે સાધકો

સહ કરેલો સૌરાષ્ટ્રનો પ્રવાસ -

- જનકલ્યાણની પ્રવૃત્તિ વ્યાપક પ્રમાણમાં પ્રસરતાં શ્રી માસ્તરસાહેબ આદિ અગ્રણી શિષ્યોએ તેનું ચોક્કસ આયોજન કરવાની શ્રીનૃસિંહાચાર્યને કરેલી વિજ્ઞપ્તિ - સદ્‌ગુરુશ્રીની અનુમતિ મળતાં ઇ.સ. ૧૮૮૨માં "શ્રેયસ્સાધક અધિકારી વર્ગ"ની સ્થાપના - યોગેશ્વર્વર્ય શ્રીનૃસિંહાચાર્યજીએ કરેલો માસ્તરસાહેબનો "વિશ્વવંદ્ય" ઉપનામવિધિ -

"શ્રેયસ્સાધક અધિકારી વર્ગ", "સાધક" વગેરે સંજ્ઞાનો ધ્વનિ - "અધિકાર"નો સિધ્ધાંત - "સભ્યપદ", લવાજમ વગેરે પ્રવૃત્તિઓથી અલિપ્ત સંસ્થા - વર્ગની લાક્ષણિકતા સૂચવતા કેટલાક પ્રસંગો - બિનસાંપ્રદાયિકતા - પ્રો. મૅાલાબક્ષના કેટલાક પ્રસંગો - ગુરુશિષ્યસંબંધ - દીક્ષાક્રમ -

મૅડમ બ્લૅવેટ્સ્કીની સૂચનાનુસાર રવિધારણા કરનાર થિયોસૉફિસ્ટ શ્રીહરિ પંડિતે શ્રીમન્નૃસિંહાચાર્યજીનું શરણ લેતાં યૌગિક પ્રક્રિયા દ્વારા તેને આપેલી દાહમુક્તિ અને શાંતિ - મૅડમ બ્લૅવેટ્સ્કી અને કર્નલ ઑલ્કોટની થિયોસૉફિકલ સોસાયટીનું નેતૃત્વપદ લેવાની વિનંતીનો શ્રીનૃસિંહાચાર્યજીએ કરેલો અસ્વીકાર - શ્રી સયાજીરાવ મહારાજાની મુલાકાત - "મહાકાલ" માસિકનો પ્રારંભ - સં. ૧૯૫૩ની નાગપંચમીએ આચાર્યશ્રીનું સ્વરૂપાવસ્થાન -

## <u>પ્રકરણ ૩ : શ્રીમન્નૃસિંહાચાર્યજી : સાહિત્ય</u>

સાહિત્યવિષયક બદલાતી વ્યાખ્યા અને વિભાવના - સાહિત્ય અને જીવનના સંબંધની ચર્ચા - સંતોની અનુભવવાણી અને તેમના સાહિત્યની ઉપયોગિતા - સંતપરંપરાના બ્રહ્મજ્ઞાની કવિ શ્રીનૃસિંહાચાર્યજીની કવિતા - "નૃસિંહવાણીવિલાસ" ભાગ ૧-૨-૩માં લગભગ ૬૦૦ ઉપરાંત ગુજરાતી, હિંદી અને મિશ્રભાષાનાં પદોમાં

અનુસ્યૂત તેમનો તત્ત્વબોધ –

કેવલાદ્વૈત અનુસાર નિરંજન નિરાકાર પરબ્રહ્મ તત્ત્વની તથા સ્વસ્વરૂપાવબોધની અનુભૂતિની ખુમારીને વ્યકત કરતાં કાવ્યોની ઉદાહરણ સહ ચર્ચા – અજાતવાદના સિધ્ધાંતોનો કાવ્યમાં પુરસ્કાર – વિવિધ ઉપાસ્ય સ્વરૂપોની ઉપાસનામાં અંતર્ગત એક જ માહેશ્વર મહાકાલ પરમપદનું લક્ષ્ય દર્શાવનાર પદોનું વિવેચન – પુરુષપ્રકૃતિનો સંબંધ અને ત્રિદેવ તથા તે દ્વારા ઇશ્વર–જીવ આદિ સૃષ્ટિક્રમ અને વિશ્વરચના સંબંધી ચર્ચા – જીવના ભવબંધનના કારણરૂપ અધ્યાસના સ્વરૂપની કાવ્યોના આધારે ચર્ચા – અધ્યાસની નિવૃત્તિ માટેનું પરમ સાધન વિચારવિવેકનું સ્વરૂપ– વિચારમાર્ગના પ્રવાસી માટે ઉચ્ચતમ અધિકારની અપેક્ષા – (૧) શિશુ અવસ્થા કર્મ (૨) મધ્ય અવસ્થા ઉપાસના અને (૩) વૃધ્ધાવસ્થા જ્ઞાનની સમજૂતી – ગુરુની આવશ્યકતા અને ગુરુનાં કાર્યોની ગુરુર્બ્રહ્મા । એ પ્રચલિત શ્લોકના અર્થપ્રકાશમાં મીમાંસા – આત્માનુભૂતિની આનંદલહરીનો તથા બ્રહ્મખુમારીનો સાચો પડઘો પાડનારાં આચાર્યશ્રીનાં પદોનો પરિચય – અધિકારવાદની વધુ વિશદ ચર્ચા – ચિત્તશુધ્ધિ માટે વિહિત કર્માચરણની સાથે સદ્ગુરુશરણ અને સત્સંગનું માહાત્મ્ય સૂચવનાર પદોની ચર્ચા – આ સર્વના માધ્યમરૂપ ઉપકરણ મન અને તેનું સ્વરૂપ – મનને અમન કરવાનો પ્રબોધ – મન દ્વારા સર્જાતી સૃષ્ટિ વગેરેનું કવિનાં પદો દ્વારા વિવેચન – મનને થાબડી પ્રોત્સાહિત કરવાની તથા મનને ફટકારવાની કવિશ્રીની બેવડી પ્રબોધરીતિ – સમરાંગણ વગેરે રૂપકો દ્વારા મનને મહાવીર બનાવવાનો અનુરોધ કરતી આચાર્યશ્રીની વીરવાણી – બળ અને કળથી ક્રમશ: મનોજય અને મનોલય સુધી પહોંચવાની પ્રક્રિયામાં સદ્વિચારરૂપી શસ્ત્ર અને ગુરુમંત્રરૂપી અસ્ત્રનો વિનિયોગ – આચાર્યશ્રીનાં ઉત્તમ પદોના આધારે ભક્તિ અને જ્ઞાનના સંબંધની

ચર્ચા – વેદાંતનું આત્મજ્ઞાન અને ભક્તિના પ્રેમરસના સહકારનો ઉપદેશ – માયાનું સ્વરૂપ અને તેનો વિસ્તાર – ગીતાઉપનિષદ્ વગેરેના આધાર સહ કવિશ્રીનાં પદો દ્વારા ચર્ચા – માયાનાં બે સ્વરૂપ – અજ્ઞાની અને જ્ઞાનીઓ પર પણ તેમનો પ્રભાવ – ભક્તિરસાયનનો મહિમા – વેવલાઈ વિનાની શુધ્ધભક્તિમાં અંતરદર્શન અને સ્વરૂપાવબોધની અગત્ય – અવ્યભિચારિણી ભક્તિમાં નિર્વ્યાજ નિર્મલ નિર્વિકાર નિર્ગ્રન્થ પ્રેમની અનન્યતાનું સ્વરૂપ – પાત્રાપાત્રભેદે પ્રેમ અને મોહની તુલનાનો નિર્દેશ કરતાં કવિશ્રીનાં કાવ્યો – ભક્તિવિનાનું જ્ઞાન મોળું અને જ્ઞાન વિનાની ભક્તિ ખારી હોઈ, ઉભયના સુભગ સંયોગની કાવ્યો દ્વારા કરેલી વિસ્તૃત મીમાંસા – નરસિંહ, મીરાં અને દયારામનાં પ્રેમલક્ષણાવિષયક ઊર્મિગીતોની લાક્ષણિકતાઓ અને નૃસિંહાચાર્યજીનાં તદ્‌વિષયક પદોની વિવેચના – ગોપીઉધ્ધવવિષયક પદોમાં વિપ્રયોગ શૃંગારનું નિરૂપણ – કવિશ્રીનાં શૃંગારસિક્ત અને જ્ઞાનયુક્ત હોરીપદોની સોદાહરણ વિસ્તૃત ચર્ચા – તત્ત્વોપદેશ તથા અંતસ્તત્ત્વાનુભૂતિને પ્રકટ કરતાં કેટલાંક મહત્ત્વનાં આત્મલક્ષી હોરીગીતો – અને શ્રી નર્મદાશંકર મહેતાની વિચારનોંધને અનુલક્ષીને શ્રી યશોધર મહેતાનો અભિપ્રાય – સાચા બ્રહ્મચારી સંન્યાસી વિરાગી વગેરેનાં ગુણલક્ષણોને સ્ફુટ કરતાં કાવ્યોમાંનાં સ્વાભાવિક શબ્દચિત્રો – દંભી ભેખધારીઓ પ્રતિ આચાર્યકવિના માર્મિક પ્રહારો – યોગનાં રહસ્યો, ક્રિયાવિધિ વગેરેની સમજૂતી આપતાં કાવ્યોની ચર્ચા – કેટલાંક પદોમાં તત્ત્વ–યોગ – કવિતાનો ત્રિવેણી સંગમ – નિઃસંગી અવસ્થાના તત્ત્વધ્યેયને પામવા સદ્‌ગુરૂ, સત્પુરુષ આદિના સત્સંગની સમીક્ષા – સાચા સંતને ઓળખવા જરૂરી અધિકારની એંધાણી – સાચા સંત–સદ્‌ગુરુ–વિષયનાં કાવ્યમય શબ્દચિત્રો – ગુરુસમ નહિ કોઉ દાતા –

ગુરુના દાતૃત્વધર્મનું રહસ્ય : કાવ્યોના આધારે : – ભક્તિધર્મની ધવલ ધ્વજા સમી શરણાગતિના સ્વરૂપની કાવ્યોના આધારે ચર્ચા – આત્માનુભવથી વંચિત મિથ્યાભિમાની પાખંડી ગુરુઓ અને મિથ્યા ભક્તિલક્ષણો તથા પંથપ્રપંચો પ્રતિ વિવિધ કાવ્યોમાં કવિએ કરેલા માર્મિક પણ નિર્દંશ ચાબખા–પ્રહારો – કવિએ મનહરછંદમાં વિસ્તારથી લખેલા "સ્ફુટવિષય"નો પરિચય – બારાક્ષરી, મહિના, પ્રશ્નોત્તર અને સંવાદશૈલીનાં, પ્રવાસરૂપકનાં, અવળવાણીનાં, છપ્પાં–સોરઠા તથા છંદોબધ્ધ કાવ્યોનો સંક્ષિપ્ત પરિચય – કવિશ્રીની કાવ્યસમૃધ્ધિ, કલ્પનાશક્તિ, નિરૂપણશૈલી અને સમગ્ર પ્રદાન વિશે ઉપસંહારાત્મક વિવેચન –

– ગદ્યચર્ચા – "ભામિનીભૂષણ" અલંકાર ૧ થી ૫ ની વિસ્તૃત વિવેચના – મનોહરવિજયાની મુખ્યકથાની આસપાસ અનેક આડકથાઓના સુશ્લિષ્ટ સંકલન દ્વારા લેખકનું બોધવિતરણ – "ભામિનીભૂષણ"નાં કેટલાંક અંગોની "સરસ્વતીચંદ્ર" સાથે તુલના – પંડિતયુગમાં રમણભાઈ નીલકંઠ પછી હાસ્યરસના લેખક તરીકે શ્રીનૃસિંહાચાર્યનું સ્થાન – ગૃહસ્થાશ્રમનું ગૌરવ, નારીજીવનની પ્રતિષ્ઠા, અને ભિન્નભિન્ન ભૂમિકાનાં પાત્રોનું ક્રમશ: થતું અધિકાર–આરોહણ, સ્ત્રીવિષયક પ્રશ્નોની માર્મિક ચર્ચા વગેરેનું રોચક શૈલીમાં નિરૂપણ કરતાં કરતાં લેખકે ગૂઢ તત્ત્વજ્ઞાનની કરેલી પર્યેષણા – "દિવ્યમૂર્તિ" આખ્યાનમાં આત્મચરિત્રાત્મક અંશો અને સાંકેતિક નામો – ગદ્યશૈલીની સદૃષ્ટાંત ચર્ચા –

– દિષ્ટભુક્ અને શંપાની મુખ્યકથાના અંતર્ગત સાત પેટાકથાઓને વણી લઈ ગૃહસ્થાશ્રમની સર્વોત્કૃષ્ટતા, મિથ્યા સંન્યાસની નિરર્થકતા, મુક્તિનાં સ્વરૂપો અને તેની પ્રાપ્તિનાં સાધનમાર્ગો.....વગેરે વિષયોના નિરૂપણપૂર્વક, તત્વસિધ્ધાંતની

મુખ્યત્વે વિશદ ચર્ચા કરતા "સિધ્ધાન્ત સિંધુ" ગ્રંથની સંપૂર્ણ સમાલોચના –

અનેકવિધ રહસ્ય–રૂપકોથી મંડિત નવલકથા સમી કૃતિ "શ્રી ત્રિભુવનવિજયી ખડ્ગ"ની સવિગત સમીક્ષા – વેદોક્ત નવશાખાયુક્ત અધિકાર નિરૂપણનું વૃક્ષ – પ્રસ્તુત ગ્રંથના (૧) મુખ્ય અધિકારી રાગીવિરાગી સાધકો (૨) મંદ અધિકારી જીવદશાવાળા વિવેકીઓ (૩) મધ્યમ અધિકારી રાગી સાધકોનું જીવનદર્શન – વીરવિજય, ભદ્રસેન, મહાત્મા, બ્રાહ્મણ પ્રવાસી, શ્રી ભગવચ્ચન્દ્ર અને મહીપાલેન્દ્રની એમ કુલ છ કથાઓની ફૂલગૂથણી – વાર્તાઓમાં આવતા વિવિધ ચમત્કારિક પ્રસંગોના આધ્યાત્મિક વ્યંગ્યાર્થની સંભાવનાની ચર્ચા – ગદ્યશૈલીની સોદાહરણ ચર્ચા – શ્રી યશોધર મહેતાએ આ ગ્રન્થનો કરેલો સંક્ષેપ "ઉમાહૈમેવતી"ની સમીક્ષા –

"શ્રીપથવરદવૃત્તાન્ત" પ્રથમ અને દ્વિતીય સમાગમમાં ઉરસ્વાન્ યોગીના અને લેખકના આત્મવૃત્તાન્તની ગૂંથણી અને તે દ્વારા સાધક અને સિધ્ધની વિવિધ ભૂમિકાઓનું અન્વેષણ – સાંપ્રત આચાર્યશ્રી સુરેશ્વરાચાર્યજીએ પિતાની શૈલીનું સાતત્ય સાચવી રચેલા તૃતીય સમાગમની સમાલોચના –

લેખકની અપૂર્ણ વાર્તા "સતી સુવર્ણા"નો પરિચય –

૪ અંક અને ૪૬ પ્રવેશયુક્ત શિથિલ રચનાવાળા બીનતખ્તા–લાયકીવાળા અપૂર્ણ નાટક "સુરેશચરિત્ર"ની અંકવાર ચર્ચા અને સમીક્ષા – તેમાં વહેતા હાસ્ય અને અદ્ભુતરસની અને નાટકની તાત્પર્યદીપિકાની ચર્ચા –

"સન્મિત્રનું મિત્ર પ્રતિ પત્ર"માં આધ્યાત્મિક પ્રશ્નોની ચર્ચા – "શ્રી સદ્બોધ પારિજાતક"માં શ્રીનૃસિંહાચાર્યે સાધકોને લખેલા

૧૪૩ પત્રોનો સંગ્રહ – "સુખાર્થે સદુપદેશ"માં ચાર પ્રકારનાં સુખ અને તેની પ્રાપ્તિનાં સાધનોની ચર્ચા – "શ્રીનૃસિંહ કિરણાવલી"માંના ૧૩ લેખોની સંક્ષિપ્ત સમીક્ષા – શ્રીનૃસિંહાચાર્યનાં સિધ્ધાંતો, ભાષા શૈલી અને સમગ્ર સાહિત્યસંસ્કારસેવાનો, વિવેચકોના અભિપ્રાયો સહ, સમાલોચનાત્મક ઉપસંહાર –

## પ્રકરણ ૪ : શ્રીમાન્ વિશ્વવર્ધનો વાઙ્મય વિહાર

"શ્રી સુધાસ્ત્રોત સ્વિની" પ્રથમ અને દ્વિતીય કલ્લોલ–માંનાં જ્ઞાન, ભક્તિ, યોગ, વૈરાગ્ય, મન, ચિતિશક્તિ વગેરે વિષયોનાં કાવ્યોની સંપૂર્ણ સમીક્ષા – તેમની કવિતાનાં વિવિધ સ્વરૂપો, લાક્ષણિકતાઓ અને મર્યાદાઓ, પારિભાષિક શબ્દો, વ્યર્થ વિસ્તાર લાંબાં શીર્ષકો, નાટકના લય ઢાળ.... વગેરેની ઉદાહરણો સહ સવિશેષ ચર્ચા –

યોગિનીકુમારી ભાગ ૧–૨ – વિશિષ્ટ જીવનસંદેશને કેન્દ્રમાં રાખીને વ્યાવહારિક અને આધ્યાત્મિક વિવિધ પ્રશ્નોને ચર્ચતી, યોગરહસ્યને વણી લેતી અદ્ભુતરસપ્રધાન નવલકથા – આત્મકથાત્મક અને માનસશાસ્ત્રીય પૃથક્કરણાત્મક અંશો – વૈજ્ઞાનિક ઢબે તાર્કિક દલીલો અને પૌરસ્ત્ય તથા પાશ્ચાત્ય દૃષ્ટાંતોથી સમજાયેલું "ચમત્કાર"નું સ્વરૂપ–રસસિધ્ધિશાસ્ત્રનો નવલકથામાં કરેલો વિનિયોગ – વસ્તુસંકલનાની ચર્ચા – "ગુલાબસિંહ" જોડે તુલના – બ. ક. ઠાકોર, યશોધર મહેતા અને ધીરુભાઇ ઠાકરના અભિપ્રાયો –

"શ્રેયસ્સાધક અધિકારી વર્ગ એ શું છે ?"માં વર્ગવિષયક માહિતી – આરોગ્ય, વ્યવહાર અને અધ્યાત્મવિષયક લેખમાળાઓ – "અધ્યાત્મબલપોષક ગ્રંથમાળાનો પહેલો અક્ષ"માં વર્ણવેલાં વિચારનાં આંદોલન અને ભાવના વગેરે સંબંધી સિધ્ધાંતો અને પ્રક્રિયાઓની વિગત – તેનો તે વખતના ગુજરાત પર પડેલો અજબ પ્રભાવ –

"વિજ્ઞાનની રસિક વાર્તાઓ" કૃતિની લાક્ષણિકતાઓની સવિગત ચર્ચા – આ ઉપરાંત માસ્તરસાહેબનાં અન્ય નાનાંમોટાં લખાણો અને પુસ્તકોનો પરિચય – ગદ્યકાર માસ્તર સાહેબ –

## પ્રકરણ ૫ : શ્રીઉપેન્દ્રાચાર્યજીની રસસૃષ્ટિ

શ્રી ઉપેન્દ્રાચાર્યની પ્રબોધપ્રવૃત્તિમાં નૂતનતાના અંશોનો પ્રવેશ – रसो वै सः અને योगः कर्मसु कौशलम् નો સુભગ સમન્વય – શ્રી ઉપેન્દ્રજયન્તી મહોત્સવમાં કલાસંસ્કારપોષક નવાં પ્રસ્થાનો – આબાલવૃધ્ધ સર્વને તેમાં મળતું ઉત્તેજન – "રસપર્ણ" – રંગભૂમિનું આયોજન – આદર્શ ચારિત્ર્યમંદિર – ૧૯૧૯માં કવિવર ટાગોરે લીધેલી મુલાકાતનો પ્રસંગ – વડોદરામાં ભરાયેલી ચતુર્થ સાહિત્ય પરિષદ પ્રસંગે શ્રીઉપેન્દ્રાચાર્યજીએ "સાહિત્યચન્દ્રિકા" દ્વારા સાહિત્યકારો અને કલાકારોનું કરેલું અભિવાદન –

"શ્રીઉપેન્દ્રગિરામૃત" પ્રથમ અને દ્વિતીય પરિવાહ–નાં ધર્મ, નીતિ, ભક્તિ, યોગ, કર્મ, મન, ચિતિ, વિવર્ત, વગેરે વિવિધ વિષયો પરનાં કાવ્યોની અવતરણો સહ વિસ્તૃત સમાલોચના – કવિની ભાષા, શૈલી, કલ્પના, અલંકાર અને પ્રતીકો વગેરેની ચર્ચા –

"રસદર્શન"ની કવિતા : કીર્તનાદિ સાહિત્ય, કીર્તનમંજરી અને છેવટે "રસદર્શન" નામે પ્રકટ થયેલી પુસ્તિકાઓમાંનાં વિવિધ અભિનેય ગીતો વગેરેની કરેલી સંપૂર્ણ સમાલોચના – સ્તુતિ, મંગલાચરણ અને સત્કારનાં ગીતો – અભ્યર્થના અને આશીર્વાદનાં પદોની ટૂંકી પણ, સોદાહરણ સમીક્ષા – બ્રહ્મજયોતિની અભ્યર્થના કરતો ગરબો "નિસર્ગ ભર્ગ ઉજ્જવલ"ની લોકપ્રિયતા – સંસ્કૃત શબ્દ–સમાસોયુક્ત ગરબાની ય સફળતાનાં ઉદાહરણ – કલ્પનાની ચમત્કૃતિ દાખવતાં અભિનેય સ્વાગતગીતોનાં અવતરણો – શ્રીઉપેન્દ્રાચાર્યજીના રાસગરબામાં રહેલા ઉર્મિનાં અગાધ ઊંડાણ,

કલ્પનાનાં ઉચ્ચ ઉડ્ડયન અને લયમધુર સંગીતતત્ત્વ – પ્રકૃતિનાં તત્ત્વો તથા ગ્રામ અને ગોપજીવનનાં ઘટકોથી શરૂ કરી બ્રહ્માંડના રાસલેખન સુધીના વિષયોને આવરી લેતાં અભિનેય ગીતો, ગરબા અને રાસની ઉદાહરણો સહિત કરેલી વિસ્તૃત વિવેચના – રસવંતાં જોબનિયાં, પ્રકૃતિસુંદરી, મોહિનીસ્વરૂપ વગેરે ઉત્તમ કાવ્યોનો આસ્વાદ – રાસખેલન માટેનું નિમંત્રણ કરતા "રંગદર્શન" અને "રંગઝીલણા"ના ગરબા અને તાલી વિષયક ગરબાઓનું વિવેચન – ધડિયાળ, ઘંટડીઓ, પનીડાં, ચાંદલો, તારલિયા, ઉષા, સંધ્યા, નિશા, આંખડી, પડઘમ, ચટણી વગેરે વિષયોનાં ગરબા અને બાલગીતો – ભારત, ભારતીય નારી અને સંસ્કૃતિ તથા રાષ્ટ્રપ્રેમ વગેરેનું ગૌરવ ગાતાં કેટલાંક કાવ્યોનો પરિચય – "એક ભારતનો સાચો માનવી"નો લોકપ્રિય ગરબો – પ્રો. ચતુરભાઈ પટેલનો અભિપ્રાય – બ્રાહ્મી સ્થિતિ અને બ્રહ્મકુમારીનાં ઊર્મિગીતો અને રાસગરબા – આચાર્યશ્રીરચિત સંવાદોમાં આવતાં ગીતોનું કાવ્યત્વ, ઔચિત્ય તથા સંગીતની સોદાહરણ ચર્ચા –

"શ્રી શુકજનકાખ્યાન" અને "શ્રી સુદામાખ્યાન"નો રસલક્ષી દૃષ્ટિએ વિસ્તૃત સમાલોચનાત્મક અભ્યાસ –

શ્રી વિશ્વવર્ધના વિચારોને કેન્દ્રમાં રાખીને શ્રીઉપેન્દ્રાચાર્યજીએ લખેલી "દિવ્યમૂર્તિ" નામક વાર્તાની આલોચના – યુવકો, વિદ્યાર્થીઓ અને સાધકો પર આચાર્યશ્રીએ લખેલા પત્રોનો સંગ્રહ "શ્રીસદ્બોધમન્દાર"નો સંક્ષિપ્ત પરિચય – "શ્રેયસ્સાધક" સાપ્તાહિકમાં દર અઠવાડિયે વિદ્યાર્થીઓને પાઠવેલા ચારિત્ર્યપ્રેરક ૮૪ "નિત્યસંદેશ"નો પરિચય – ૭૫ વિષયો પર કલ્પના અને ભાવનાપ્રધાન શૈલીમાં લખાયેલી મનનીય કંડિકાઓની કૃતિ "વિદ્યુત્-લેખા" –

શ્રી વિશ્વવંધને નિવાપાંજલીરૂપે શ્રીઉપેન્દ્રાચાર્યજી અને શ્રી જયંતીદેવીએ લખેલા લેખો અને અંજલિ-કાવ્યોના સંગ્રહરૂપ "શ્રી વિશ્વવંધ વિભૂતિવૈભવ" ગ્રંથની સંક્ષિપ્ત સમીક્ષા –

શ્રીઉપેન્દ્રાચાર્યની સંવાદનાટિકાઓ : "રસદર્શન" કાર્યક્રમમાં રજૂ કરવા માટે લખાયેલી "ગુરુભક્તિમાહાત્મ્ય" "સેવનાસિધ્ધિ" "બાલની ફાલ" "ભક્તિબલ" "ચિરંજીવન" "અધમોધ્ધરણ" "જવાબી શ્રધ્ધા" "મહદાશ્રય" "સન્ધ્યાબલ" ..... વગેરે સુદીર્ઘ સંવાદનાટિકાઓની, તથા બીજા નાના નાના સંવાદોની રંગભૂમિ અને નાટ્યકલાદષ્ટિથી કરેલું વિસ્તૃત વિવેચન – તેમાં યોજાયેલ ડોલનશૈલીની તથા હાસ્ય અને શાંતરસના સાંકર્યની ચર્ચા – પ્રો. કોઠારીનો અભિપ્રાય –

<u>પ્રકરણ ૬ : તેજસ્વી તારકવૃંદ</u>

શ્રીમન્નૃસિંહાચાર્યજીના ચિતિસૂર્યના કેન્દ્રની આસપાસ પરિભ્રમણ કરતા પ્રમુખ તેજસ્વી તારલાઓની ધુતિચ્છટાનો આછો પરિચય – : ૧ : શ્રીમત્સુરેશ્વરાચાર્યજી – સાંપ્રત આચાર્યનાં પ્રકટ અને અપ્રકટ કાવ્યોની સોદાહરણ આલોચના – હળવા અને ગંભીર બંને પ્રકારનાં પદો –

( ૨ ) શ્રી કૈવલ્યદેવનાં ગીતોની લાક્ષણિકતાઓ –
શ્રીનૃસિંહશતાબ્દી સમયે રચેલ અને રજૂ થયેલ "શ્રીનૃસિંહચરિતામૃત"ની સંક્ષિપ્ત સમીક્ષા –

: ૩ : શ્રીનૃસિંહાચાર્યજીના પ્રથમ શિષ્ય અને આજન્મ સેવાધારી સાધક શ્રી ત્રિકમલાલ કૈથારીઆના આદર્શ જીવનનો ઉલ્લેખ –

( ૪ ) શ્રી નગીનદાસ મહેતા – સંનિષ્ઠ સાધક કેળવણીકારની અભ્યાસપૂર્ણ કૃતિ "સ્મરણભક્તિ"નો પરિચય –

(૫) શ્રી નગીનદાસ સંઘવી – સ્વરાજ્ય સ્વધર્મ અને સ્વસંસ્કૃતિના સાચા પક્ષપાતી અનેક સનાતની સંસ્થાઓના પ્રમુખ મંત્રી – વિવિધ માસિકોના તંત્રી – "ગુજરાતના ટિળક" – ગુજરાતી અને સંસ્કૃત ભાષાના કવિ – "ભ્રમણચંદ્ર", "પદ્યસંઘ", સંસ્કૃતમાં "શ્રી સદ્ગુરુ-મહિમ્નસ્તોત્ર", વગેરે અનેક કૃતિઓનું વિહંગાવલોકન – "સાક્ષરોત્તમ શીઘ્રકવિ", "વર્ગનો હાથી" –

(૬) દી.બ. નર્મદાશંકર મહેતા – "વેદાન્તમાર્તણ્ડ", "શુક્લવૃત્તિ" "ઋષિ નર્મદ" – સુજ્ઞ ગોકુળજી ઝાલા વેદાંતપારિતોષિક વિજેતા – શ્રી વિઠ્ઠલભાઈ અને શ્રી વલ્લભભાઈના સન્મિત્ર – "ગોવર્ધનરામયુગના સ્મરણીય સારસ્વત" – વિવેચકોએ તેમના પાંડિત્ય પર પાડેલો પ્રકાશ – "હિન્દ તત્ત્વજ્ઞાનનો ઈતિહાસ" "ઉપનિષદ્ વિચારણા" અને "શાક્તસંપ્રદાય" એ અમૂલ્ય ગ્રંથત્રિપુટીની અપૂર્વતા અને ઉપયોગિતા – તેની સંક્ષિપ્ત આલોચના – અંગ્રેજીમાં લખેલા ગ્રંથો – દર્શન સાહિત્યમાં તેમનો ફાળો –

(૭) શ્રી જેકિસનદાસ કણિયા – સંસ્કૃતના પ્રોફેસર પંડિત પ્રવક્તા – બ્રહ્મસૂત્ર, સાંખ્યદર્શન, ઘેરણ્ડસંહિતા વગેરે શાસ્ત્રીય ગ્રંથોની વૃત્તિસહ કરેલી આલોચના – ત્રણ ત્રણ સંસ્કરણ પામેલી તેમની અપૂર્વ કૃતિ "શ્રી પાતંજલયોગદર્શનમ્"નો સંક્ષિપ્ત પરિચય – યોગ જેવા ગહન વિષયને સમજવામાં સુગમતા થાય તે માટે તેમણે ગ્રંથ સાથે જોડેલો ૬૦ પાનના વિદ્વત્તાપ્રચુર નિબંધ "યોગસૂત્રભૂમિકા"ની ઉપકારકતા –

(૮) શ્રી કૌશિકરામ મહેતા – સંસ્કૃત સાહિત્યના મર્મજ્ઞ અભ્યાસી, રસિક વક્તા, નિષ્ઠાદૃષ્ટિસંપન્ન કેળવણીકાર – ગુજરાતી સાહિત્ય પરિષદના સુરત અધિવેશનના મંત્રી – છઠ્ઠી સાહિત્ય પરિષદના આમંત્રિત વ્યાખ્યાતા – ગુજરાતી સાહિત્ય પરિષદના ૧૫માં અધિવેશન વખતે મળેલું સંમાન્ય સભાસદ તરીકેનું બહુમાન – "સ્વધર્મજાગૃતિ"ના તંત્રી – માઈમંડળ પ્રવૃત્તિઓના ચાલક – ગુજરાતી સંસ્કૃત અને અંગ્રેજીમાં રચેલાં કાવ્યો – "સો ટચની વાતો", "સરલ

સંસ્કૃત", "પુરુષ અને સ્ત્રી", "શ્રી ગૌરીશંકર ઓઝાનું જીવનચરિત્ર" વગેરે કૃતિઓનો પરિચય –

(૯) શ્રી જગન્નાથ પંડિત – "પ્રાતઃકાલ", "ધર્મધ્વજ" માસિકોના તંત્રી – "શ્રી ગૌરાડ્ગમહાપ્રભુ", "શ્રી મુગટરામ મહારાજ", "જીવનરસાયણ વિધા", બંગાળી નાટકોના અનુવાદગ્રંથો – "શ્રી જગન્નાથ–રસતરંગિણી", "શ્રી ચિદાનંદભજનાવલી", "દંપતીઆભરણ" વગેરે પુસ્તકોનો અને કવિપ્રતિભાનો સંક્ષિપ્ત પરિચય –

"ભક્ત" માસિકના તંત્રી શ્રી જેકિસનદાસ ભક્તની સેવા – ત્રણેય આચાર્યોના અનુગ્રહને પાત્ર યોગનિપુણ સાધક મણિલાલ શેલતની નોંધપોથી "શ્રીઉપેન્દ્ર સદ્બોધસુધા સિંધુ"નું ઐતિહાસિક મૂલ્ય – વૈદિકજ્યોતિષ ગૃહવિજ્ઞાન કાયદો વગેરે વ્યાવહારિક વિષયોને લગતાં પુસ્તકોના કર્તા અને "ભાગ્યોદય" માસિકના તંત્રી શ્રી જેઠાલાલ દવેની સમાજસેવા – દિલ અથવા દિલારામના નામથી વર્ગ– વિખ્યાત કવિગાયકસાધક શ્રી દલપતરામ પુરાણીની કલમનો આછો પરિચય – પ્રાચ્યવિધામંન્દિરે પ્રકટ કરેલા ચાર અનુવાદ ગ્રંથોના કર્તા શ્રી ચૂનીલાલ દેસાઈની સેવા – "યમદંડ" અને "વીણા" માસિકોના તંત્રી તથા "શ્રીમન્નૃસિંહાચાર્યજી" અને "શ્રી છોટાલાલ જીવનલાલ"ના ચરિત્રગ્રંથોના લેખક વર્તમાન વયોવૃધ્ધ સાધક શ્રી ચૂનીલાલ ઓઝાની સેવાનો પરિચય –

શ્રી મણિશંકર ભટ્ટ, યશોધર મહેતા, રાજેન્દ્ર શાહ, પિનાકિન ત્રિવેદી, મહેન્દ્રકુમાર દેસાઇ અને કિશોરચંદ્ર દેસાઇની કલમનો પરિચય –

<u>સ્ત્રીરત્નો</u> – (૧) શ્રી મંગળાદેવીએ ૧૩–૧૪ વર્ષની વયે રચેલો "મંગલવિચાર" ગ્રંથ –

(૨) શ્રી ભારતીદેવીની કૃતિ "શ્રી ભારતીપ્રતિભા"માંનાં આશાસ્પદ પદ્યોનો ઉલ્લેખ –

(૩) "શ્રીભક્તિપથંતરંગિણી"માં સુરતનાં વતની સર્વશ્રી ધનદાગૌરી, વિમલાગૌરી, બાળગૌરી, શિવગૌરી, પ્રમીલાગૌરી, ઈંદિરાગૌરી, ચંદ્રિકાગૌરી, કુસમનગૌરી એ આઠ શ્રેયસ્સાધક કવયિત્રીની સાહિત્ય-સંસ્કારસેવાનો આછો પરિચય –

(૪) શ્રી જયંતીદેવી, શ્રી પ્રમીલાબહેન અને શ્રી અરવિંદાદેવીનાં વિવિધ અભિવ્યક્તિ-છટા ધરાવતાં પદો, રાસ, ગરબા વગેરેની સંક્ષિપ્ત સમાલોચના – "શ્રીમદુપેન્દ્રભગવત્સ્તોત્ર" તથા "શ્રીઉપેન્દ્ર-લીલામૃત"નો પરિચય –

સર્વશ્રી પયસ્વિનીદેવી, શ્રીસાવિત્રીદેવી, સુલોચનાબહેન, મધુબહેન, શાંતાગૌરી વગેરેની કાવ્યપ્રવૃત્તિનો ઉલ્લેખ –

<u>પ્રકરણ ૭ : ઉત્સવો અને સામયિકો</u>

શ્રીનૃસિંહચતુર્દશી, ગુરુપૂર્ણિમા, સાધનસમારંભ, સરસ્વતીસત્ર, વિહારસત્ર, સિધ્ધેશ્વરસમાજ, સિધ્ધસમાજ, ચિતિપ્રદીપપ્રકટીકરણોત્સવ, ઉપેન્દ્રજયંતી મહોત્સવ વગેરે વિવિધ ઉત્સવોની પ્રવૃત્તિ, તેનાં પ્રયોજન અને પરિણામોનો પરિચય –

વર્ગ દ્વારા તથા વર્ગના વિદ્વાનો દ્વારા એકસાથે તથા વારાફરતી સંચાલિત થતાં મહાકાલ, પ્રાતઃકાલ, ભક્ત, ધર્મધ્વજ, યમદંડ, ભાગ્યોદય, દંપતીમિત્ર, જીવન, સ્પર્શમણિ, પ્રભાકર વગેરે સામયિકોની સાહિત્યસેવાનો ઊડતો પરિચય –

<u>પ્રકરણ ૮ : ઉપસંહાર</u>

—૦૦૦—